પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૩૧ | ૨૦ જુલાઈ, ૨૦૨૩, ગુરૂવાર; અધિક શ્રાવણ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# સુત્રાપાડામાં આભ ફાટ્યું : ૨૨ ઈંચ વરસાદ

**સુત્રાપાડામાં ૨૪ કલાકમાં ૨૨ ઈંચ વરસાદ ખાબક્યો : ધોરાજી તાલુકામાં ૧૨ ઈંચ : વેરાવળમાં ૨૦ ઈંચ, તલાલામાં ૧૨ ઈંચ, કોડિનારમાં ૮.૫૦ : જુનાગઢ જિલ્લામાં માંગરોળમાં ૮ ઈંચ ઈંચ વરસાદ ખાબક્યો છે, અમદાવાદમાં વીજળીના કડાકા સાથે વરસાદ, રાજ્યમાં આગામી ૫ દિવસ સુધી ધોધમાર વરસાદ પડવાની આગાહી**





અમદાવાદ, તા.૧૯

ગુજરાત રાજ્યમાં અત્યારે અનેક જિલ્લાઓમાં આભ ફાટ્યું હોય એવી સ્થિતિ થઈ છે. ગુજરાતના વિસ્તારો પર નજર કરીએ તો સુત્રાપાડામાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૨ ઈંચ વરસાદ ખાબકી ગયો છે. જેના કારણે ઠેર ઠેર પાણી ભરાઈ ગયા છે. એટલું જ નહીં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ઘણા જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ પણ જાહેર કરી દેવાયું છે. અત્યારે ગુજરાતના અનેક વિસ્તારોમાં આભ ફાટ્યું હોય એવી સ્થિતિનું નિર્માણ થયું છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે રાજ્યમાં આગામી પાંચ દિવસ સુધી મેઘરાજા તોફાની બેટિંગ કરી શકે છે. અનેક જિલ્લાઓમાં આની સાથે ઓરેન્જ એલર્ટ પણ આપવામાં આવ્યું છે. રાજયના અન્ય વિસ્તારોની વાત કરીએ તો અહીંયા પણ સામાન્ય વરસાદ રહે એવી સ્થિતિનું નિર્માણ થયું છે. ૧૯થી ૨૧ જુલાઈ વચ્ચે સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી તથા દક્ષિણ ગુજરાતના વલસાડમાં અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે પાંચ જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ આપી દેવામાં આવ્યો છે.

ગુજરાતના ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા, વેરાવળ અને તલાલા તાલુકાને તથા રાજકોટના ધોરાજી તાલુકાને મેઘરાજાએ ઘમરોળી કાઢ્યું, સુત્રાપાડામાં તો ૨૪ કલાકમાં જ ૨૨ ઈંચ વરાસાદથી સમગ્ર વિસ્તાર બેટમાં ફેરવાઈ ગયો છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર, મેઘરાજાએ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં તોફાન મચાવી દીધુ છે. સૌથી વધુ ગીર સોમનાથના સૂત્રાપાડા, વેરાવળ, તલાલા, કોડિનાર તો રાજકોટના ધોરાજીમાં જાણે રીતસર આભ ફાટ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. એક જ દિવસમાં સૂત્રાપાડામાં ૨૨ ઈંચ વરસાદ, તો વેરાવળમાં ૧૯.૫૦ ઈંચ વરસાદ પડતા આ બે તાલુકા પાણીમાં ઘરકાવ થઈ ગયા છે. લોકોના ઘરોમાં પાણી ઘુસી ગયા છે, રોડ રસ્તા પર પાણી ફરી વળતા કેટલાક ગામ સંપર્ક વિહોણા બન્યા છે. તો નદીઓ ગાંડીતૂર બની છે.

સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ગીર સોમનાથ જિલ્લામાં નોંધાયો છે. ગીર સોમનાથ જિલ્લાના સૂત્રાપાડામાં ૨૨ ઈંચ વરસાદ, વેરાવળમાં ૧૯.૫૦ ઈંચ વરસાદ, તલાલામાં ૧૨ ઈંચ, કોડિનારમાં ૮.૫૦ ઈંચ વરસાદ નોંધાયો છે. તો બીજા નંબરે રાજકોટ જિલ્લામાં સૌથી વધુ વરસાદ જોવા મળી રહ્યો છે. અહીં ધોરાજી તાલુકામાં ૧૨ ઈંચ વરસાદ, જામકંડોરણામાં ૭ ઈંચ, ઉપલેટામાં ૪.૫૦ ઈંચ, ત્યારબાદ જુનાગઢ જિલ્લામાં માંગરોળમાં ૮ ઈંચ, મેદરડામાં ૪.૨૫ ઈંચ, કેશોદમાં ૩.૫૦ ઈંચ, વિસાવદરમાં ૨.૫૦ ઈંચ, માણાવદરમાં ૨.૨૫ ઈંચ વરસાદ ખાબક્યો છે તો માલિયા હાટિનામાં પણ ૪.૨૫ ઈંચ વરસાદ નોંધાયો છે. રાજ્યમાં ૨૦૬ જળાશયોમાં સારી એવી માત્રામાં વરસાદી પાણીની આવક થઈ ગઈ છે. રાજયમાં અત્યારે સીઝનનો મોટાભાગનો વરસાદ ખાબકી ચૂક્યો છે. જેમાં ૨૦૬ જળાશયોમાં સારી એવી પાણીની આવક થઈ છે. અત્યારે સિંચાઈ વિભાગની વાત કરીએ તો ૪૩ જેટલા જળાશયોને હાઈએલર્ટ મોડ પર રાખી દેવામાં આવ્યા છે. તથા ૧૯ જળાશયો વોર્નિંગ લેવલ પર આવી ગયા છે. તેવામાં આગામી પાંચ દિવસ રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદ પડતા સ્થિતિ ગંભીર બની શકે છે. અત્યારે આને લઈને પણ મોટી કવાયત શરૂ કરી દેવામાં આવી છે. નિંચાણવાળા વિસ્તારોને એલર્ટ મોડ પર મુકી દેવાયા હોવાના અહેવાલ પણ મળી રહ્યા છે. ગુજરાત રાજયમાં અત્યારે સાંબેલાધાર વરસાદ ખાબકી રહ્યો છે. સૂત્રાપાડામાં ૨૨ ઈંચ વરસાદ માત્ર ૨૪ કલાકની અંદર પડી ગયો છે. જેના કારણે નિંચાણવાળા અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. તો બીજી બાજુ વેરાવળમાં ૨૦ ઈંચ વરસાદ પડ્યો હોવાની માહિતી મળી રહી છે.

## ચમોલીમાં ટ્રાન્સફોર્મર ફાટતાં વીજકરંટથી ૧૫નાં કરૂણ મોત

**નમામિ ગંગેના સીવર ટ્રીટમેન્ટ પ્લાન્ટની નજીક ટ્રાન્સફોર્મર ફાટવાથી કરંટ ફેલાઈ ગયો હતો, સાતથી વધુ લોકો દાઝ્યા**

ચમોલી, તા.૧૯

ઉત્તરાખંડના ચમોલીથી એક આંચકાજનક અહેવાલ આવ્યા છે. અહીં નમામિ ગંગે પ્રોજેક્ટ દરમિયાન ટ્રાન્સફોર્મર ફાટવાથી વીજકરંટ લાગવાની ઘટના બની હતી. જેમાં ૧૫ લોકોના મોત સાથે ૭થી વધુ લોકો દાઝી ગયા હોવાના અહેવાલ મળી રહ્યા છે. માહિતી અનુસાર નમામિ ગંગેના સીવર ટ્રીટમેન્ટ પ્લાન્ટની નજીક કરંટ ફેલાઈ ગયો હતો. આ મામલે ચમોલીના એસપીએ ૧૫ જેટલાં લોકોના મૃત્યુ થયાની પુષ્ટી પણ કરી હતી. એવી માહિતી મળી હતી કે ટ્રાન્સફોર્મર ફાટવાને લીધે કરંટ ફેલાયો હતો.

આ મામલે મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ પણ મેજિસ્ટ્રેટ તપાસના આદેશ આપ્યા હતા. ઉત્તરાખંડમાં હાલમાં અનેક સ્થળે ભારે વરસાદ પણ વરસી રહ્યો છે. ૨૦થી વધુ લોકો આ કરંટની લપેટમાં આવતા અફરા તફરી મચી ગઈ હતી. લોકોએ ઘટનાસ્થળે પહોંચીને બચાવ કર્મીઓ સાથે મળીને તેમને હોસ્પિટલ ખસેડ્યા હતા. માહિતી અનુસાર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં કામ કરનારા યુવકનું રાતે મોત નીપજ્યું હતું. સવારે પોલીસ કાર્યવાહી માટે પહોંચી હતી. આ દરમિયાન મૃતકના સ્વજનો સહિત અન્ય લોકોની ભીડ એકઠી થઈ હતી. તે સમયે જ કરંટ ફેલાતા હાજર લોકો તેની લપેટમાં આવી ગયા હતા. મૃતકોમાં એક પોલીસકર્મી સબ ઈન્સપેક્ટર અને ૩ હોમગાર્ડના જવાનો પણ સામેલ છે.

## વિપક્ષોને માયાવતીનું સમર્થન નહીં, એકલા ચૂંટણી લડીશું : માયાવતી

**કોંગ્રેસ જાતિવાદી પક્ષો સાથે ગઠબંધન કરી રહી છે, અમે બંને ગઠબંધનના સમર્થનમાં નથી**

લખનૌ, તા.૧૯

વિપક્ષી દળોએ મળીને ઈન્ડિયા નામના નવા ગઠબંધનની જાહેરાત કરી દીધી છે. ત્યારે એનડીએએ પણ તેનું શક્તિ પ્રદર્શન કરી દીધું છે. આ દરમિયાન એવા ઘણાં મોટા પક્ષો છે જેમણે હજુ સુધી આ બંને ગઠબંધનમાંથી કોઈને સમર્થન જાહેર કર્યું નથી. તેમાં માયાવતીની બહુજન સમાજ પાર્ટી (બીએસપી) પણ સામેલ છે.

આ દરમિયાન માયાવતીએ તેમનું વલણ સ્પષ્ટ કરી દીધું હોય તેમ કહી દીધું કે અમે રાજસ્થાન અને છત્તીસગઢમાં ચૂંટણી એકલા જ લડીશું. કોંગ્રેસ જાતિવાદી પક્ષો સાથે ગઠબંધન કરી રહી છે. અમે બંને ગઠબંધનના સમર્થનમાં નથી.

માયાવતીએ કહ્યું કે પંજાબ અને હરિયાણામાં અમારી પાર્ટી સાથી પક્ષો સાથે મળીને લડશે. બસપાએ લોકસભા ચૂંટણી પણ એકલા લડવાની જાહેરાત કરી દીધી છે. તેમણે કોંગ્રેસ સામે નિશાન તાકતાં કહ્યું કે તે ચૂંટણી જીત્યા બાદ તેના વાયદાઓની જેમ હવા હવાઈ થઈ જાય છે. વિપક્ષી ગઠબંધનમાં સામેલ તમામ પક્ષો ચૂંટણી જીતવાના સપના જોઈ રહ્યા છે.

## બેંગલુરૂમાંથી પાંચ શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ

**દેશવિરોધી ગતિવિધિઓમાં સંડોવણીની શંકા : સીસીબીએ સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ વિભાગ સાથે સંયુક્ત ઓપરેશન : વિસ્ફોટક મળ્યા**



બેંગલુરૂ, તા.૧૯

બેંગલુરુમાં પોલીસે પાંચ શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ કરી છે. સેન્ટ્રલ ક્રાઈમ બ્રાન્ચે દેશવિરોધી ગતિવિધિઓમાં સંડોવણીની શંકાના આધારે આ ધરપકડ કરી છે.

સીસીબીએ સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ વિભાગ સાથે સંયુક્ત ઓપરેશનમાં પાંચ શકમંદોની ધરપકડ કરી છે. તેમની પાસેથી વિસ્ફોટક સામગ્રી પણ મળી આવી છે. સીસીબીએ સીઆઈડી સાથે મળીને સંયુક્ત ઓપરેશનમાં જુનૈદ, સોહેલ, ઉમર સહિત ૫ શકમંદોની ધરપકડ કરી હતી. તેમની પાસેથી મોબાઈલ ફોન મળી આવ્યો હતો જેને તેમનાં સામાન સહિત જપ્ત કરવામાં આવ્યો છે. હાલ સીસીબી માદીવાલા ટેકનિકલ સેલમાં તમામ શંકાસ્પદ આતંકવાદીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે. તેમને શંકા છે કે આ શકમંદો સાથે વધુ ૨ શંકાસ્પદ લોકો જોડાયેલા છે. તપાસ એજન્સીને શંકા છે કે આ શકમંદોએ બેંગલુરુમાં વિસ્ફોટ કરવાની યોજના બનાવી હતી. આ પાંચ શકમંદો વર્ષ ૨૦૧૭માં હત્યાના કેસમાં આરોપી હતા અને તેઓ પરપ્પના અગ્રાહરા સેન્ટ્રલ જેલમાં બંધ હતા, જે દરમિયાન તેઓ આતંકવાદીઓના સંપર્કમાં આવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર ધરપકડ કરાયેલા તમામ શકમંદો બેંગલુરુના રહેવાસી છે. તે આતંકવાદીઓના સંપર્કમાં હતા અને તેમની પાસે આતંકવાદી ગતિવિધિઓની વિગતવાર માહિતી હતી. તેમણે વિસ્ફોટક સહિતની ઘણી ટેકનિકલ તાલીમ લીધી હતી. તમામ શકમંદો એક ટીમ તરીકે કામ કરી રહ્યા હતા.

## વિપક્ષોની નવી ટેગલાઈન, ભારત જોડાશે, ઈન્ડિયા જીતશે

**બેંગલુરુની બેઠકમાં ઘણા નેતાઓને લાગ્યું કે ગઠબંધનના નામમાં ભારત શબ્દનો સમાવેશ થવો જોઈએ**

નવી દિલ્હી, તા.૧૯

વિરોધ પક્ષોના ગઠબંધન ભારત માટેની ટેગલાઈન 'જીતેગા ભારત બની શકે છે. આ પહેલા વિપક્ષી પાર્ટીઓએ તેમના ગઠબંધનનું નામ 'ઈન્ડિયા' જાહેર કર્યું હતું. આ ટેગલાઈન ૨૦૨૪ના લોકસભા પ્રચાર માટે પસંદ કરવામાં આવી શકે છે. આ વચ્ચે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પણ ટ્વીટ કરીને લખ્યું કે, 'ભારત જોડાશે, ઈન્ડિયા જીતશે'. સૂત્રોના જણાવ્યા અનુસાર આ હિન્દી ટેગલાઈન અનેક પ્રાદેશિક ભાષાઓમાં બને તેવી શક્યતા છે. બે દિવસ પહેલા બેંગલુરુમાં બેઠક દરમિયાન ઘણા નેતાઓને લાગ્યું કે ગઠબંધનના નામમાં 'ભારત' શબ્દનો સમાવેશ થવો જોઈએ. એક વરિષ્ઠ નેતાએ જણાવ્યું કે બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે આને ટેગલાઈનમાં સામેલ કરવામાં આવશે. મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરેએ સૂચવ્યું કે વિપક્ષી ગઠબંધનની હિન્દી ટેગલાઈન હોવી જોઈએ.

## એઆઈના ખતરા અંગે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે પ્રથમ બેઠક યોજી

**આંતરરાષ્ટ્રીય શાંતિ-સ્થિરતા સામેના જોખમની ચિંતા : એઆઈના ઉપયોગને નિયંત્રિત કરવામાં મદદ કરવા માટે એક નવી આંતરરાષ્ટ્રીય સંસ્થાની રચના કરવાની પહેલ**

વોશિંગ્ટન, તા.૧૯

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદએ આંતરરાષ્ટ્રીય શાંતિ અને સ્થિરતા માટે એઆઈ દ્વારા ઊભા થયેલા ખતરા અંગે પ્રથમ બેઠક યોજી હતી, જેમાં યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસે એઆઈના ઉપયોગને નિયંત્રિત કરવામાં મદદ કરવા માટે એક નવી આંતરરાષ્ટ્રીય સંસ્થાની રચના કરવાની પહેલ કરી અને વધુમાં કહ્યું કે સંયુક્ત રાષ્ટ્રએ ૨૦૨૬ સુધીમાં યુદ્ધના સ્વચાલિત હથિયારોમાં એઆઈના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવા માટે કાયદાકીય કરાર કરવા જોઈએ.

ગુટેરેસે કહ્યું કે ટેક્નોલોજી તેના સંભવિત જોખમો અને ફાયદાઓને વધુને વધુ જાહેર કરે છે અને યુએન પાસે મોનિટરિંગ અને નિયમન માટે વૈશ્વિક સ્તરે નિયમો નક્કી કરવાની તક છે. તેમણે ટ્વીટ કર્યુ હતું કે આજે મેં સુરક્ષા પરિષદ પાસે એઆઈને તાકીદની ભાવના, વૈશ્વિક દષ્ટિકોણ અને શીખવાની માનસિકતા સાથે અપનાવવા વિનંતી કરી હતી. આપણે એઆઈ સિસ્ટમની પારદર્શિતા, જવાબદારી અને

● અનુસંધાન પાન-૭ પર

## ગેરકાયદે પાટા ઓળંગતા-સેલ્ફી લેનારાઓને દંડ-જેલ કરાશે

નવી દિલ્હી, તા.૧૯

હવેથી રેલવેના પાટા ગેરકાયદે રીતે ઓળંગતા કે પછી પાટાની નજીકમાં કે પાટા પર ચાલતા સેલ્ફી લેતાં પકડાયાં તો ભારે પડી જશે. રેલવેએ આ મામલે કડક વલણ અપનાવ્યું છે. સ્પષ્ટ રીતે અધિકારીઓને નિર્દેશ આપવામાં આવ્યો છે કે રેલવેના પાટાને ગેરકાયદે રીતે ઓળંગનારા લોકો સામે રેલવેના કાયદાની વિવિધ જોગવાઈઓ હેઠળ પકડીને દંડ વસૂલવામાં આવે અને જરૂરી હોય તો તેમને જેલ મોકલાય. ઉત્તર રેલવેના જનરલ મેનેજર શોભન ચૌધરીએ પાંચ રેલવેમંડળના મેનેજર તથા અધિકારીઓ સાથે આ મામલે સમીક્ષા બેઠક યોજી હતી.

## બુલંદશહેર નજીક મકાનનું લેન્ટર પડતાં ચારનાં મોત

બુલંદશહેર, તા.૧૯

નરસેના પોલીસ સ્ટેશન વિસ્તાર મવાઈમાં બુધવારે સવારે એક મોટી દુર્ઘટના ઘટી હતી. નિર્માણાધીન મકાનનું લેન્ટર પડવાથી એક જ પરિવારના છ બાળકો સહિત ૧૫ લોકો દટાઈ ગયા હતા. આ દુર્ઘટનામાં બે પુત્રો સહિત દંપતિનું મોત થઈ ગયુ છે અને આ ૧૧ લોકો ઘાયલ થયા છે. તમામ ઘાયલોને હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે. ડીએમએ મૃત્યુ પામેલા લોકોને ૪-૪ લાખ રૂપિયાની આર્થિક મદદ અને ઘરનું સમારકામ કરવાની વાત કરી છે.

નરસેના પોલીસ સ્ટેશન વિસ્તારના મવાઈ ગામમાં રહેતા રાજપાલના પુત્ર હરચરણ સિંહનું ઘર બની રહ્યું હતું. ઘરના પહેલા માળે જૂનુ લેન્ટર નાખવામાં આવ્યુ હતુ અને બીજા માળે બાંધકામ ચાલી રહ્યું હતું. મંગળવારે સાંજે બીજા માળે ત્રણ રૂમમાં લેન્ટર મૂકવામાં આવ્યું હતું. મોડી રાત્રે લેન્ટર મુક્યા બાદ પરિવારના ૧૫ સભ્યો ઘરના ગ્રાઉન્ડ ફ્લોર પર ખાટલા પર સૂઈ ગયા હતા. બુધવારે વહેલી સવારે ૩ વાગ્યાની આસપાસ બીજા માળે મૂકેલું લેન્ટર પહેલા માળની છત પર પડી ગયું હતું. જેના કારણે પહેલા માળનું લેન્ટર પણ પડી ગયું હતું અને નિંદ્રાધીન પરિવાર કાટમાળ નીચે દટાઈ ગયો હતો.

● અનુસંધાન પાન-૭ પર

LED TV
રીપેરીંગ
Sony, LG, SAMSUNG, Panasonic
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

